ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,

બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન, સેકટર-૧૦/એ,ગાંધીનગર

**ક્રમાંક:- સંકલન/ખતપ/૪૨/૨૦૨૩-૨૪/** ૨૩૯૫ થી ૨૪૩૪

**તા.૧૭/૦૫/૨૦૨૪**

## જાહેરનામું

સરકારશ્રીનાં પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનાં જાહેરનામાં ક્રમાંક:- કેપી-૫૩/૨૦૦૨/પીઇઆર-૧૩૯૬/૭૧૬/૧૧-૩/ડી તા.૨૦/૦૮/૨૦૦૨ થી નાયબ ચીટનીશ (પંચાયત સેવા) ખાતાકીય પરીક્ષા નિયમો-૨૦૦૨ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તથા તેમાં સરકારશ્રીનાં પંચાયત વિભાગનાં જાહેરનામાં ક્રમાંક:-કેપી/૧/૨૦૧૨/પીઇઆર/ ૧૦૨૦૦૧/૮૯૩/ડી તા.૦૧/૦૧/૨૦૧૩ થી નાયબ ચીટનીશ (પંચાયત સેવા) ખાતાકીય પરીક્ષા નિયમો-૨૦૦૨ નિયમ-૩ નાં પેટા નિયમ-ખ-૧ માં સુધારા કરવામાં આવેલ છે.

૨. સરકારશ્રીનાં પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનાં પંચાયત વિભાગના જાહેરનામા ક્રમાંક:-કેપી-૧૫/૨૦૦૯/પીઇઆર/૧૦૨૦૦૭/ ૧૮૭૭/ડી તા.૭/૭/૨૦૦૯ થી વિસ્તરણ અધિકારી વર્ગ-૩(પંચાયત),વિસ્તરણ અધિકારી (ખેતી) વિસ્તરણ અધિકારી (સહકાર)/તાલુકા પંચાયત અધિકારી ખાતાકીય પરીક્ષા નિયમો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તથા તેમાં સરકારશ્રીનાં પંચાયત વિભાગનાં જાહેરનામાં ક્રમાંક:- કેપી/૧૧૭ ઓફ ૨૦૧૪/ પીઇઆર/૧૦૨૦૧૪/ ૧૦૩/ખ તા.30/૧૨/૨૦૧૪ થી પંચાયત સેવાના વિસ્તરણ અધિકારી વર્ગ-૩(પંચાયત),વિસ્તરણ અધિકારી (ખેતી) વિસ્તરણ અધિકારી (સહકાર)/તાલુકા પંચાયત અધિકારી ખાતાકીય પરીક્ષા નિયમોમાં સુધારા કરવામાં આવેલ છે, અને ત્યારબાદ સરકારશ્રીના પંચાયત વિભાગના જાહેરનામા ક્રમાંક:- કેપી/૦૬/ઓફ ૨૦૧૯/ પીઇઆર/૧૦૨૦૧૪/ ૧૦૩/ખ તા.૬/3/૨૦૧૯ થી નિયમ ૩(૧) અને ૩(૨) સુધારા કરવામાં આવેલ છે.

૩. આ ઉપરાંત સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:-ખતપ/૧૦૨૦૨૨/૩૫૧/ક તા.૨૬/૦૮/૨૦૨૨ની જોગવાઈઓ સદર ખાતાકીય પરીક્ષાને લાગુ પાડવા માટેની સુચના પંચાયત વિભાગના પત્ર ક્રમાંક:-પીઆરઆર/૧૦૨૦૨૨/૩૧૯૩/ખ તા.૨૦/૦૧/૨૦૨૩થી મળેલ છે.

૪. મંડળ દ્વારા જાહેરનામાં ક્રમાંક:-સંકલન-ખતપ-૪૨/૨૦૨૩-૨૪/૬૭૨૩ થી ૬૭૭૦ તા.૦૧/૦૯/૨૦૨૩ થી પંચાયત સેવાના વર્ગ-૩ના કર્મચારીઓની નાયબચીટનીશ ખાતાકીય પરીક્ષા સને ૨૦૨૩-૨૪ યોજવા મંડળ દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતુ.. મંડળ ધ્વારા

જાહેરનામાં ક્રમાંક:-સંકલન-ખતપ-૪૨/૨૦૨૩-૨૪/૬૭૬૧ થી ૬૭૯૮ તા.૦૧/૦૯/૨૦૨૩ થી પંચાયત સેવાના વર્ગ-૩ના કર્મચારીઓની વિસ્તરણ અધિકારી (ખેતી/સહકાર/પંચાયત)/તાલુકા પંચાયત અધિકારી ખાતાકીય પરીક્ષા સને ૨૦૨૩-૨૪ યોજવા જાહેરનામા પ્રસિદ્ધ કરવામાં આવેલ હતા. સદર ખાતાકીય પરીક્ષા તા.૨૧,૨૨ અને ૨૩ માર્ચ-૨૦૨૪ ના રોજ વડોદરા અને રાજકોટ કેંદ્ર ખાતે યોજવામાં આવેલ હતી.

૫. સદરહું નાયબચીટનીશ અને વિસ્તરણ અધિકારી (ખેતી/સહકાર/પંચાયત),તાલુકા પંચાયત અધિકારી ખાતાકીય પરીક્ષા ૨૦૨૩-૨૪ ના પ્રશ્નપત્ર-૧ થી પ્રશ્નપત્ર-૫ ની પ્રોવીઝનલ આન્સર-કી મંડળની વેબસાઇટ ઉપર તા.૦૨-૦૪-૨૦૨૪ ના રોજ મંડળ ધ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી અને તા.૧૨-૦૪-૨૦૨૪ સુધી ઉમેદવારોના વાંધા-સૂચનો મંગાવવામાં આવેલ હતા. નિયત સમયમર્યાદામાં ઉમેદવારો તરફથી મળેલ વાંધા-સૂચનો મંડળ ધ્વારા વિચારણામાં લઇ, તે પરત્વે મંડળ દ્વારા યોગ્ય તે નિર્ણય કરી ફાઇનલ આન્સર કી સર્વાનુમતે મંજુર કર્યા બાદ કોમ્પ્યુટરાઇઝ પધ્ધતિથી રીઝલ્ટ પ્રોસેસીગની કાર્યવાહી મંડળ ધ્વારા કરવામાં આવેલ છે, અને તે મુજબ નાયબચીટનીશ અને વિસ્તરણ અધિકારી (ખેતી/સહકાર/પંચાયત),તાલુકા પંચાયત અધિકારી ખાતાકીય પરીક્ષા ૨૦૨૩-૨૪ નું ૧૯૧૬ ઉમેદવારોનું પ્રશ્નપત્ર-૧ થી પ્રશ્નપત્ર-૫ પરિણામ આ સાથેના પત્રકમાં દર્શાવ્યા મુજબ મંડળ દ્વારા જાહેર કરવામાં આવેલ છે. આ પરિણામ મંડળના નોટીસ બોર્ડ ઉપર તેમજ મંડળની વેબસાઇટ https://gpssb.gujarat.gov.in ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

બિડાણ:- પરીણામ પત્રક

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ ગાંધીનગર

સહી/-

સચિવ

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

ગાંધીનગર

પ્રતિ:-

મેનેજરશ્રી, મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર તરફ ઉપરોક્ત જાહેરનામાંની પ્રસિધ્ધી સરકારી ગેઝેટના ભાગ-૧ 'અ'માં કરવા અને તેની પાંચ નકલો અત્રે મોકલી આપવા વિનંતી છે.

નકલ સવિનય રવાના:-

(૧) માન. અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, બ્લોક નં.૮, નવા સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૨) માન.વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

(૩) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત તમામ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ તથા પરિણામની સંબધિત કર્મચારીને જાણ કરવા સારૂ.

નકલ:-

(૧) કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ સારૂ.

(૨) સીલેકટ ફાઇલે